અપીલ અરજી નં.૪૨૬ તા.૨–૩–૧૦

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૭૬/૭૭ વાળી જગ્યાનો પ્લાન બાબતે મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૨૬/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૨–૦૯ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નં.૭૬/૭૭ વાળી જગ્યાનો પ્લાન બાબતે મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી/૭૬૧ તા.૭–૧–૧૦ થી આપેલ માહિતી ગેરમાર્ગે દોરવા દસ્તાવેજી રકમ માંગેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૨ તા.૧૦–૩–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ નામ સરનામા સામે ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા કરવા તથા ઈચ્છતા હોય તો મેળવ્યા બાદ નારાજગી જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૯૩૯ તા.૨૦–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી કતારગામઝોનને તબદીલ થયેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૩૨૫ તા.૨૪–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, લોકેશન નં.૧૯એચ–૨૧–૦૫૩૧–૦–૦૦૧ , ૧૯એચ–૨૧–૦૫૪૧–૦–૦૦૧ થી ૦૧૧ ના પાર્ટી સ્ટેટસની નકલ, અરજદારને માહિતી મેળવવા પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૭૬૧ તા.૭–૧–૧૦ ના પત્રની નકલ, અરજદારની અરજી દફતરે કરવા અંગે પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૮૫૭ તા.૧૭–૨–૧૦ ના પત્રની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે તક આપવા છતાં અપીલ સાથે કે અપીલ તબકકે ફી ભરી માહિતી મેળવ્યા અંગેની કે નારાજગી બાબતે કોઈ સ્પષ્ટતા રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૩–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ વેડરોડ વિશ્રામનગર સોસા.માં આવેલ પ્લોટ નં.૭૬/૭૭ વાળી જગ્યાનલ પ્લાન કઈ તારીખે પાસ થયો છે અને કયા અધિકારીએ પાસ કર્યો છે. મુદ્દા નં.૨ સદર પ્લોટ પર એપાર્ટ . રેસીડેન્ટ છે કે કોમર્શીયલ. મુદ્દા નં.૩ સદર પ્લોટ ના માલિકનું નામ સરનામું. મુદ્દા નં.૪ સદર પ્લોટ ઉપર ચાલતાં બાંધકામ પ્લાન મુજબ ચાલે છે. મુદ્દા નં.૫ સદર બાંધકામમાં પાર્કીગની જગ્યા કેટલી છોડી છે જેના માપ જણાવશો. મુદ્દા નં.૬ સદર બાંધકામના પ્લાનની નકલ તથા તમામ માહિતી સ્થળ પર જઈને તપાસ કરી પૂરી પાડવી. આમ મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી અરજદાર તરફથી માંગવામાં આવેલ જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૭૬૧ તા.૭–૧–૧૦ થી પ્લોટ નં.૭૬/૭૭ વિશ્રામનગર સોસાયટી વેડરોડ સુરતના માલિકના નામો બાબતે આકારણી દફતરે નોંધાયેલ ટેના નં.૧૯એચ–૨૧–૦૫૩૧–૦–૦૦૧ , ૧૯એચ–૨૧–૦૫૪૧–૦–૦૦૧ થી ૦૧૧ ના પાર્ટી સ્ટેટસના કુલ પાના નંગ–૧૨ નો દસ્તાવેજી ખર્ચ રૂ.૨૪/– (પાના દીઠ રૂ.૨/– લેખે) કચેરીના કામકાજના ચાલુ દિવસો દરમ્યાન સવારે ૧૧ .૦૦ કલાકથી સાંજે ૪.૩૦ કલાક દરમ્યાન જમા કરાવી આકારણી અને વસુલાત વિભાગની કચેરીમાંથી મેળવી લેવા જણાવેલ. વધુમાં અરજીના અન્ય મુદ્દાઓની માહિતી સબંધિત વિભાગ તરફથી આપવામાં આવશે. તેવી માહિતી પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે માહિતી ન મેળવતા પત્ર નં.એન.ઝેડ/એઆરડી/ ૮૫૭ તા.૧૭–૨–૧૦ થી અરજદારને અરજી દફતરે કરતો પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી તા.૨૩–૧૨–૦૯ ની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતીમાં કોઈ દસ્તાવેજ માંગ્યા નથી છતાં દસ્તાવેજ ફી માટે પત્ર પાઠવેલ છે. તેમજ બાકીના મુદ્દાઓની માહિતી આપવામાં આવી નથી તેવું જણાવી આરટીઆઈના કાયદાનો ભંગ કરેલ છે તે અંગે પગલા લેવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અને ૩ ની માહિતી બાબતે પત્ર પાઠવી દસ્તાવેજ ફી ભરવા જણાવેલ. પરંતુ અરજદારે નિયત ફી ભરપાઈ કરીને તે માહિતી સ્વયં મેળવેલ નથી. જેથી તે માહિતીનો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈન્કારનો કેસ બનતો નથી. બાકીના મુદ્દાની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ હોય તેવી કોઈ વિગત જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ નથી. કે ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૩–૧૨–૦૯ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧,૪,૫ તથા ૬ ની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

અરજદારની તમામ મુદ્દાની માહિતી સ્થળ પર જઈને પૂરી પાડવાની રજૂઆત કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) ની જોગવાઈ સાથે સુસંગત ન હોઈ તે અંગે દાદ આપવાનો પ્રશ્ન રહેતો નથી.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ પગલા ભરવાની જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ.)અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ